## ગાંધીનગર મને ગમે છે...



**ભગવાનભાઈ ગોહેલ**
**પ્રમુખ**
**ગાંધીનગર શહેર મોચી સમાજ**

ગાંધીનગર કોને ન ગમે ? મને પણ ગાંધીનગર ગમે છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના નામ સાથે જોડાયેલ ગાંધીનગર સૌને ગમે. ગાંધીનગર ચંદીગઢને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલ છે.

દરેક્ટ સેક્ટર એક નાના ગામ જેવું છે. જેમાં પ્રાતમિક સુવિધા માટે દવાખાના, સ્કૂલ, બગીચા, પોસ્ટ ઓફીસ અને દુકાનો આવેલ છે. અહીં દરેક ધર્મ અને જાતિના લોકો રહેતા હોવાથી દરેક ધર્મના દેવસ્થાનો પણ અહીં છે.જે શહેરની આગવી ઓળખ ઉભી કરે છે. લોકો અહીં શાંતિથી રહે છે. પ્રથમ સે.૨૨માં પંચદેવ મંદિર બનાવેલ જ્યાં મંત્રીઓ સહિત દરેક વર્ગના લોકો દર્શને આવે છે. અહીં વાર તહેવારે મેળો ભરાય છે. અક્ષરધામ જોવા માટે બહારતી લોકો આવે છે. હવે તો સ્વર્ણિમ પાર્ક જે ક થી ચ સુધી પાંચ કિમી લાંબો હરિયાળી પટ્ટો જોઈને લોકો દંગ રહી જાય છે. દાંડી કુટીર જેમાં દાખલ થતાં જ આપણે ગાંધીમય બની જઈએ છીએ. અદ્યતન રેલવે સ્ટેશન, પંચ તારક લીલા હોટલ જે રેલવેના પાટા ઉપર બનાવવામાં આવી છે. જે એન્જિનિયરીંગના નમૂના રૂપ છે. અહીં શિક્ષણ, સાહિત્ય, સંગીત, નાટક અને કલાના વિવિધ ક્ષેત્રોનો વિકાસ થયેલ છે. શિક્ષણની દરેક ક્ષેત્રની શાખાઓ, સ્કૂલ, કોલેજો અહીં આવેલ છે. શિક્ષણનું મુખ્ય મથક બની ગયેલ છે. અહીં લેખકો, કલાકારો અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કારણે અવારનવાર કંઈને કંઈ કાર્યક્રમો થતાં રેહ છે. અદ્યતન સિનેમા ગૃહો પણ અહીં છે. અહીં વિશ્વ કક્ષાનું ગીફીટ સિટિ ઉભું કરવામાં આવેલ છે. જે વિદેશી કંપનીઓને આકર્ષિત કરી રહ્યું છે. એ જ રીતે ઈલેક્ટ્રોનિક ઓદ્યૌગિક વસાહતો બનાવવામાં આવેલ છે જ્યાં અનેક પ્રકારના ઉત્પાદનો થાય છે અને તેની વિદેશોમાં નિકાસ પણ થાય છે. અહીં સાંસ્કૃતિક અને સામાજિક સંસ્થાઓના યોગદાનને ભૂલી શકાય તેમ નથી. વિકાસમાં તેમનું પણ યોગદાન છે જ.

૧૯૬૫માં ગાંધીનગર સ્થાપનાની શરૂઆત થી ત્યારે ૫૦-૬૦ વર્ષ પહેલાં અહીં કોઈ આવવા તૈયાન ન હતું. આંધીનગર કહેવાતું હતું. શરૂમાં પાટનગર યોજનાની ઓફીસ પેથાપુરમાં ત્યારબાદ જીઈબીમાં અને છેલ્લે સે.૨૮માં બેસતી હતી અને અન્ય ઓફીસો પણ અહીં બેસતી હતી. સે.૨૮ના મકાનોનું લોકાર્પણ મોરારજી દેસાઈએ કરેલ જે વખતે કોઈપણ ખરીદી માટેની નજીકના પેથાપુર નેળિયામાં થઈને જવું પડતું હતું. સે.૨૮માં સહકારી મંડળી દ્વારા ચીજવસ્તુ અને શાકભાજીનું વેચાણ થતું હતું. સે.૨૮માં દાખલ થતાં સરદારની ચાની કિટલી ચાલતી હતી. જે સરદારની હોટલના નામે બસ સ્ટેન્ડ કહેવાતું હતું. અહીંથી થોડે દૂર સરકારી પ્રેસ છે ત્યાં મુખ્ય બસ સ્ટેન્ડ હતું. અહીંથી બહારગામ અને અમદાવાદની બસોની અવર-જવર થતી હતી. ગાંધીનગરથી અમદાવાદની ટિકીટ માત્ર પચાસ પૈસા હતી.

વર્ષો પહેલા મિડિયોના આટલો વિકાસ થયો ન હતો. ત્યારે માહિતી ખાતા દ્વારા ફિલ્મો બતાવવામાં આવી હતી જેનો નગરજનો પુરો લાભ લેતા અને આનંદ માણતા હતા. કઠપુતળી અને નાટકો પણ થતાં હતી. સે.૨૮ના બગીચામાં મીની ટ્રેઈન ચાલતી હતી જે એક નવીનતા હતી. માત્ર દસ પૈસામાં આખા બગીચાનો ચક્કર લગાવતી હતી. પુલ અને બોગદામાંથી પસાર થતી ત્યારે નાના-મોટા ચીચીયારી કરીને આનંદ લૂંટતા હતા. ગાંધીનગર ગમવા માટે આથી વિશેષ શું જોઈએ.

# શહેરમાં ફળોનો રાજા કેરીનું આગમન

**આ વર્ષે કેરીનો ભાવ ૧૨૦૦ રૂ. થી ૧૭૦૦ રૂ. માં ૧૦ કિલોના બોક્સ મળશે : માર્કેટમાં કેરીનો પ્રતિ કિલોનો ભાવ ૨૦૦ રૂપિયાથી ૩૦૦ રૂપિયા**



ગાંધીનગર, તા. ૬

શહેરમાં ફળોના રાજા કેરીનું આગમન થઈ ચુક્યુ છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં રાહત અપાવતી પરબ એટલે કેરી. કેરીના શોખીનો આતુરતાથી જેની રાહ જોઈ રહ્યા હતા તે કેસર કેરીનું બજારમાં આગમન થઈ ચૂક્યુ છે. દર વર્ષની સરખામણીમાં આ વર્ષે કેરી થોડી મોડી આવી છે પરંતુ કેરીનું બજારમાં આગમન થતાં કેરીના શોખીનો ખુશ થઈ ગયા છે. ગયા વર્ષે કેસર કેરીના ૧૦ કિલોના બોક્સનો ભાવ ૮૦૦ થી લઈ ૧૪૦૦ રૂપિયા હતો. જે આ વર્ષે ૧૦ કિલોના બોક્સનો ભાવ ૧૨૦૦ રૂપિયાથી ૧૭૫૦ સુધી પહોંચ્યો છે. વેપારીઓના જણાવ્યા મુજબ આ વર્ષે આખી સીઝન દરમિયાન કેસર કેરી પ્રમાણમાં મોંઘી રહેશે.

ગાંધીનગરમાં સેક્ટર-૨૧, સેક્ટર-૨૪ અને સેક્ટર-૭ માં કેરીનું આગમન થયું છે. જેમાં ૨૦૦ રૂપિયા કિલોના ભાવે કેરીનું વેચાણ શરૂ છે.

કેરીમાં ૫૦ કરતા પણ વધુ જાતીઓ જોવા મળે છે. જેમાં ગુજરાતમાં મુખ્યત્વે મેજીફેરા ઈંડિકા મળે છે. કેસર, હાફુસ, લંગડો, રાજાપૂરી, તોતાપૂરી, બદામ, દાડમીયો, વસી બદામી, નિલેશ્વરી વિગેરે કેરીઓની ઉનાળામાં માર્કેટમાં ધૂમ આવક રહેતી હોય છે.

કેસર હોય કે હાફુસ ગુજરાતી પરીવારોનો ઉનાળો કેરી વગર અધૂરો અને અકળાવનારો બની રહેતો હોય છે. શહેરમાં કેરીના આગમન સાથે ધીમે ધીમે ખરીદીનો માહોલ વધશે તેવી વેપારીઓની લાગણી છે. આ વર્ષે ઉનાળાની કાળઝાળ ગરમીનો પારો ૪૦ ડિગ્રી પાર પહોંચતા શહેરીજનો દ્વારા માર્ચના અંતમાં ઉનાળુ ફળો અને ઠંડા પીણા આરોગવાનું શરૂ કરી દીધુ છે. જેમાં આ વર્ષે પણ મોંઘવારીનો માર કેરીના પાકમાં જોવા મળી રહ્યો છે.

મોંઘવારીમાં પણ કેરી તો ભરપૂર ખવાશે જ કારણ કે કોરોના મહામારી વખતે શહેરીજનોને મનપસંદ કેરીનો સ્વાદ માણવાનો લ્હાવો ઓછો મળ્યો હતો. માર્કેટમાં કેરીનો ભાવ પણ વધારે રહ્યો હતો અને આવક પણ ઓછી હતી.

ઉનાળાની અસલી શરૂઆત કેરીના આગમનથી થાય છે. સતત બે વર્ષ બાદ શહેરીજનો આ વર્ષે કેરીનો રસ મનભરીને આરોગશે. આમ તો ગુજરાતીઓના ભોજનમાં ઉનાળાની સિઝનમાં દૈનિક ડીશમાં ઉમેરાઈ જાય છે. દરરોજ ભોજનમાં કેરીનો રસ તો હોય જ છે.

એપ્રિલ મહિનામાં ૧૫મી તારીખથી લગ્નસરાની મોસમ શરૂ થઈ રહી છે ત્યારે આ કેરીના રસની ડિમાન્ડ વધતી જોવા મળશે. મોટા મોટા કેરબા ભરીને લગ્ન પ્રસંગોમાં કેરીનો રસ પીરસાય છે. તેમ છતાં રસ ખૂટી જાય તેવી પરિસ્થિતિઓ ઉનાળામાં થતી હોય છે. આમ કેરીના આગમનથી શહેરીજનોમાં આનંદો જોવા મળી રહ્યો છે.

## પેટીએમમાં ગ્રાહકો પાસેથી લેવાતો વધારાનો ચાર્જ

**ઓનલાઈન પેમેન્ટમાં વધારાના ૩ થી ૪ રૂપિયા ચાર્જ વસુલતી પેટીએમ કપંની : શેરમાર્કેટમાં પેટીએમના શેરમાં પણ ઘટાડો થયો**

ગાંધીનગર, તા. ૬

પેટીએમના શેરોમાં ઘટાડો થવાના કારણે કંપનીને નુકસાન થવાની ભીતી દેખાઈ રહી છે. પેટીએમના શેરોમાં આઈપીઓ પ્રાઈઝની તુલનામાં ઘટાડો થયો છે. જો કે પેટીએમના શેર નવેમ્બર ૨૦૨૧માં લિસ્ટિંગની બાદથી લગભગ ૬૦ ટકા નબળા થઈ ચૂક્યા છે. ત્યારે પેટીએમમાં કન્વીનિયન્સ ચાર્જ લેવામાં આવી રહ્યો છે. જો ગ્રાહક પેટીએમથી રીચાર્જ, પેમેન્ટ કરે તો તેમાં વધારાના ચાર્જ લેવાઈ રહ્યા છે. વર્ષોથી ગ્રાહકો આ પેટીએમ અને ગુગલ પે જેવી ઓનલાઈન એપ્લિકેશનનો ઉપયોગ કરે છે. જ્યારથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કેશલેસ પેમેન્ટ પર ભાર મુકવામાં આવ્યો છે ત્યારથી દરેક જગ્યાએ ૧ રૂપિયાથી માંડી દરેક પ્રકારનું પેમેન્ટ નાગરિકો કરી શકે તે માટે આ એપ્લિકેશનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં



કંપનીને ખોટ જવાથી નવા નવા નિયમો લાવી રહ્યા છે. મોંઘવારીના માર વચ્ચે રહેતી જનતાને દરેક બાજુએ મોંઘવારી જેલવાનો વારો આવી ગયો છે. એક તરફ આ તમામ એપ્લિકેશન જનતા માટે ફાયદાકારક નીવડી રહી છે તો બીજી તરફ નવા નવા ગતકડા કરીને કંપનીઓ દ્વારા વિવિધ પ્રકારના વધારાના ચાર્જ વસુલવામાં આવી રહ્યા છે. દરેક એપ્લિકેશનમાં દિવસે ને દિવસે સ્પર્ધાઓ વધી રહી છે. નવા નવા અપડેટ આવી રહ્યા છે. જેમાં ગ્રાહકો પાસેથી કંપની દ્વારા વધારાના ચાર્જ વસુલવામાં આવી રહ્યા છે. ૨૦૦ રૂપિયાના રિચાર્જમાં વધારાના ૩ થી ૪ રૂપિયા ચાર્જ લેવામાં આવે છે. એક તરફ ઓફરોનો મારો કરી દેવાતો હોય છે તો બીજી તરફ આ રીતે ગ્રાહકોને છેતરવાના ગતકડાઓ મુકી દેવાય છે. છેલ્લે માત્ર જનતાને હેરાન થવાનો વારો આવે છે. ઓનલાઈન ફ્રોડ અને ગેરફાયદાઓ ઉઠાવતા માણસો દ્વારા ગ્રાહકોને છેતરવામાં આવી રહ્યા છે.

## કોરોનાનો ભય દૂર થતાં રાત્રિ બજારોની રોનક પાછી આવી

**દિવસે આકરી ગરમી હોવાથી સાંજ પછી જ ઘરાકી ખુલે છે : રાત્રે દસ વાગ્યા સુધી બજારો ખુલ્લા રહે છે : ખાણી-પીણી માર્કેટ તો મધરાજ સુધી ધમધમતુ રહે છે**

ગાંધીનગર, તા. ૬

કોરોનાના કપરાકાળ બાદ શહેરના બજારોમાં બે વર્ષ બાદ પૂર્ણ રોનક જોવા મળી રહી છે. બજારો હવે મોડી રાત સુધી ખુલ્લા રહે છે. જ્યારે ખાણી-પીણી બજારો તો મધરાત બાદ પણ ગ્રાહકોની અવરજવરથી ધમધમતા રહે છે.

બજારોમાં તેની પુરાની રોનક દેખાઈ રહી છે. કોરોનાકાળમાં લોકડાઉન અને રાત્રિ કરફ્યુની અસર લગભગ બે વર્ષ સુધી રહી હતી. આખરે કરફ્યુ અને લોકડાઉનમાંથી સૌને મુક્તિ મળી છે. જેના કારણે વેપારીઓ ખુશખુશાલ જોવા મળી રહ્યા છે. હાલમાં ગરમી હોવાથી ઘરાકી મોટેભાગે સાંજે જ શરૂ થાય છે જે મોડી રાત સુધી રહે છે. બહારગામથી પણ ઘરાકો આવતા હોવાથી મોટાભાગના બજારો રાત્રે દસ વાગ્યા સુધી ખુલ્લા રહે છે. આગામી દિવસોમાં યોજાનારા લગ્નપ્રસંગોની ખરીદી પણ હાલમાં થઈ રહી છે.જેના કારણે કાપડ બજાર અને અન્ય ઘરવખરીનું બજાર રાત્રે દસ વાગ્યા સુધી ખુલ્લુ રહે છે. કરફ્યુ અને લોકડાઉન જેવા પ્રતિબંધો બીલકુલ હટી ગયા હોવાથી વેપારીઓ છુટથી વેપાર કરી રહ્યા છે.

ખાણી-પીણીનું બજાર તો છેક મોડીરાત સુધી ખુલ્લુ રહે છે. રીલાયન્સ ચોકડી અને અન્ય વિસ્તારોમાં વિકસેલા નવા ખાણી-પીણી બજારોમાં તો રાત્રે એકાદ વાગ્યા સુધી લોકોની અવરજવર રહે છે. ઉનાળો હોવાથી રાત્રે આઈસક્રીમ, શેરડીનો રસ, આઈસગોલા વગેરેની લારીઓ અને દુકાનો પર મોડીરાત સુધી જમાવડો રહે છે. બે વર્ષ બાદ શહેરના બજારોની રોનક જાણે પાછી આવી છે.

## આજે સેકટર-૨માં હનુમાનજી મંદિર સામે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા.૬

માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદના ગરબાનું આયોજન સરોજબેન ભરતભાઈ સોલંકી, પ્લોટ નં. ૧૨૨/૧, સેકટર-૨એમાં કરવામાં આવ્યું છે. જે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે તેમ પ્રફુલ્લાબેન ભાવસારે અખબારી યાદીમાં જણાવ્યું છે અને સર્વે ભાવિ ભકતોને પધારવા માટે ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

## એમ.બી. પટેલ સ્કૂલમાં કુટુંબ વૃક્ષ બનાવવાનું આયોજન



ગાંધીનગર, તા.૬

એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમા ધોરણ-૧માં સહ અભ્યાસિક પ્રવૃત્તિ અંતર્ગત કુટુંબ વૃક્ષ બનાવવાની પ્રવૃત્તમાં વિદ્યાર્થીની બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના આચાર્ય નીરુબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીની બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

## "મારી સામે કેમ જોવે છે" કહી ચાર સખ્શોએ યુવકને માર માર્યો

**વૈષ્ણોદેવી પાસે શંભુ કોફી બાર નજીકનો બનાવ**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર-સરખેજ માર્ગ પર વૈષ્ણોદેવી સર્કલ પાસે દેવ પરીસર બ્લોક નં. બી-૩૦૨ ખાતે છેલ્લા પાંચ વર્ષથી મિત્રજીતસિંહ મહેન્દ્રસિંહ વાઘેલા ભાડેથી રહે છે. જ્યારે પરિવાર સાથે રહેલા મિત્રજીતસિંહ પ્રહલાદનગર કોર્પોરેટ હાઉસ-૫ ખાતે આવેલ મેડ્યુશન સોલ્યુશન પ્રા.લિ. ખાતે ટીમ કોડીનેટર તરીકે ફરજ બજાવે છે. જ્યારે યુવક સાંજના ૫.૩૦ થી રાત્રીના ૨.૩૦ કલાક દરમિયાન ઘરેથી ઓફિસ વર્ક કરે છે. ત્યારે ગઈકાલે ઓફિસ વર્ક પૂર્ણ કરી યુવક રાત્રે વૈષ્ણોદેવી સર્કલ તરફ ચાલતા આંટો મારવા ગયો હતો.

જ્યારે રાત્રીના સાડાત્રણ વાગ્યાના અરસામાં શંભુ કોફી બાર પાસે ઉભી રહેલી મર્સીડીઝ કારમાં ચાર શખ્સે 'તુ કેમ મારી સામે જોવે છે' તેમ કહી યુવકને ગડદાપાટુનો માર મારી ફેંટો મારી હતી. જ્યારે યુવક શખ્સોથી બચવા માટે નિરમા યુનિવર્સિટીની તરફ પોલીસ વાહન ચેકીંગ કરી રહી હતી ત્યાં પહોંચી ગયો હતો. જેથી પોલીસે ચાર દાડરૂડીયાને પકડી પાડ્યા હતા. યુવકે અડાલજ પોલીસમથકે દેવરાજસિંહ ઝાલા, કમલેશસિંહ ચૌહાણ અને હીરેન સારીયા તેમજ ધ્રુવ બ્રહ્મભટ્ટ સામે ફરીયાદ નોંધાવી છે.

## સિવિલમાં પાંચ કલાક બાદ બે મૃતદેહના પીએમ થયા



પોતાના વિવિધ પ્રશ્નોને લઈને રાજયભરમાં ડોકટર્સની હડતાલ ચાલી રહી છે.ત્યારે પાટનગરની મેડીકલ કોલેજ અને હોસ્પિટલના ડોકટર હડતાલમાં જોડાયા છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે બે મૃતદેહ આવ્યા હતા. બંન્ને મૃતદેહનું પીએમ કરવાનું હતું. પરંતુ ડોકટર ન હોવાથી પાંચ કલાક સુધી મૃતકોના પરિવારજનોએ રાહ જોવી પડી હતી. સિવિલના સત્તાધિશોએ ડોકટરની વ્યવસ્થા કર્યા બાદ બે મૃતદેહના પીએમ થયા હતા.

## શહેર ભાજપ સંગઠને સ્થાપના દિનની ઉત્સાહભેર ઉજવણી કરી



ગાંધીનગર, તા.૦૬

ભારતીય જનતા પાર્ટીએ આજે દેશભરમાં તેના સ્થાપના દિનની ઉજવણી કરી હતી જે અંતર્ગત ભાજપના ગાંધીનગર મહાનગર સંગઠને પણ પાર્ટીનો સ્થાપના દિન ઉજવ્યો હતો. આ અંતર્ગત ગાંધીનગર મહાનગરના તમામ ૧૧ વોર્ડમાં બુથસ્તરે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી.નડ્ડાનું સંબોધન કાર્યકર્તાઓએ સાંભળ્યું હતું. ભાજપના ગાંધીનગર શહેર અધ્યક્ષ ઋચિર ભટ્ટે પાર્ટીના સ્થાપના દિને મહાનગરના સૌ કર્મઠ, રાષ્ટ્રવાદ અને વિકાસની વિચારધારાને સમર્પિત કાર્યકર્તાઓને શુભેચ્છાઓ પાઠવી હતી. ભાજપાના ૪૨માં સ્થાપના દિન નિમિત્તે તમામ ૧૧ વોર્ડમાં પ્રત્યેક બુથમાં સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, અગ્રણીઓ, કાર્યકર્તાઓએ પોતાના નિવાસસ્થાને તેમજ પેજસમિતિના સભ્યો તેમજ સમર્થકોના નિવાસસ્થાને ભાજપનો ધ્વજ લગાવ્યો હતો. આ પ્રસંગે ભાજપ મહાનગર અધ્યક્ષ ઋચિર ભટ્ટ, શહેરના મેયર હિતેશ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જસવંતભાઈ પટેલ, ભાજપના મહામંત્રીઓ કનુભાઈ દેસાઈ, ગૌરાંગ પટેલ અને ધર્મેન્દ્રસિંહ વાઘેલા સહિત સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો અને અગ્રણીઓએ નિર્ધારિત બુથમાં ઉપસ્થિત રહી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું સંબોધન સાંભળ્યું હતું.

## સિનિયર સિટિઝન કાઉન્સિલ મહિલા પાંખની બહેનો દ્વારા મહિલા ભિક્ષુક ગૃહની મુલાકાત

ગાંધીનગર, તા.૬

સિનિયર સિટિઝન કાઉન્સિલ, ગાંધીનગરની મહિલા પાંખની બહેનો દ્વારા ચૈત્રી નવરાત્રિ નિમિત્તે ડભોડા ખાતે આવેલા મહિલા ભિક્ષુક ગૃહની મુલાકાત લઈ ત્યાંની બહેનોને ચણિયાનું વિતરણ કરવામાં આવ્યું હતું.મહિલા ભિક્ષુક ગૃહના અધિક્ષિકના સહકારથી સેવાકાર્ય સરળ રહ્યું હતું. મીનાબેન શાહ, આશાબેન દોશી તેમજ મનિષાબેન ત્રિપાઠીના સહકારથી કન્વીનર કુસુમબેન જોષીને આયોજનમાં સરળતા રહી હતી. મહિલા ભિક્ષુક ગૃહના અધિક્ષકે સંસ્થાની પ્રવૃત્તિઓની માહિતી આપી આ સંસ્થાની મહિલા પાંખની પ્રવૃત્તિને બિરદાવી આભાર વ્યકત કર્યો હતો.

## અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી દ્વારા પ્રિ-પ્લેસમેન્ટ વર્કશોપનું આયોજન



ગાંધીનગર, તા.૬

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરિસર્ચ ઈન્સ્ટિટ્યુટ ખાતે તાજેતરમાં પ્રિ-પ્લેસમેન્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં મિ.કુશલ પટેલ વક્તા તરીકે હાજર રહ્યા હતા. તેમણે બી.ફાર્મ, એમ.ફાર્મ તથા ડી.ફાર્મના વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યુ દરમિયાન કરવામાં આવતી તૈયારીઓ તેમજ ઈન્ટરવ્યુમાં બેસવા માટે આત્મવિશ્વાસ જગાડવા માટે એક મોટીવેશનલ વક્તવ્ય આવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓ માટે એક મોક ઈન્ટરવ્યુનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં કુલ ૯૩ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર હાજર રહ્યા હતા.



ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન અને યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ - જતીન દવે દ્વારા સેક્ટર ૨૪, કબીર પારખ ધામ ખાતે ચાર દિવસીય સ્ટેપ અપ સમર કેમ્પ ૨૦૨૨ નો પ્રારંભ થયો હતો. જેમાં ૩૦થી પણ વધુ બાળકોએ ભાગ લઈ પ્રથમ દિવસે એક્સસાઈઝ, ટેક્વોન્ડો, ડ્રિલ જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી તથા ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન સંસ્થાનાં સેક્રેટરી અને ઈવેન્ટ કો-ઑર્ડિનેટર મિલાપ ટાટારિઆ ટાઇગરનાં વરદહસ્તે ગાંધીનગર મહાનગરપાલિકા વિપક્ષ નેતા અંકિત બારોટનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું અને પ્રયોશા મહિલા વિકાસ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટનાં લક્ષ્મીબેન જોષી પણ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં તથા ભાગ લેનાર તમામ બાળકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.